

# વિદેહમાં બહેનશ્રી



**પુસ્તિકા ક્રમાંક : ૩૫, પુષ્પ ક્રમાંક ૪૮, પ્રત : ૧૦૦૦**
**સંદર્ભ સાહિત્ય : બહેનશ્રીનો જ્ઞાનવૈભવ (૧૯૯૫) (૨૫૨૧)**
**પદ્યાનુબંધ : ધીરજલાલ પ.દેસાઈ (ચૈતન્યપ્રિય)**
**છંદ : અપદ્યાગદ્ય / અછાંદસ / વર્ગીકૃત રચના**
**રચના સમય : તા. ૧૨-૩-૨૦૧૧ થી તા.૧૪-૩-૨૦૧૧, ૩ દિવસ**
**ફેર નકલ : તા. ૧૫-૩-૨૦૧૧ થી તા. ૧૬-૩-૨૦૧૧, ૨ દિવસ**
**રચના સ્થળ : ચંપામૃત-કહાનનગર સોસાયટી - સોનગઢ**
**પંક્તિઓ સંખ્યા : આશરે (૧૦૨૫)**
**મૂલ્ય : સ્વ-અધ્યયન**
**પ્રકાશન સમય : તા. ૨૮-૩-૨૦૧૧ સોમવાર, ફાગણ વદ (૧૦)**
**પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૯મી સમ્યકત્વજયંતી**
**વિશેષાંક સંખ્યા : નવયુગ-નવસર્જન (ક્રમ-૧૦) અમરેલી**

## :: જાતિસ્મરણજ્ઞાન વિભાવનાઓ ::

૧.દેવરાજ, ૨.ફતેહકુમાર, ૩.સીમંધરસ્વામી ૪.સમથસરણ ૫.નૌવલપુર,
૬. કુંદકુંદાચાર્યદેવ, ૭.મેરુપર્વત, ૮.લાભભાઈ, ૯.(અજ) બાહુ,
૧૦. દેવલોક, ૧૧.નરકલોક, ૧૨. સમયરેખા.
કુલ પેઈઝ (૨૦)


**પદ્યાનુબંધ અને પ્રકાશક :**
ધીરજલાલ પ. દેસાઈ,
સુધા ધીરજલાલ દેસાઈ
૫૯, કહાનનગર સોસાયટી,
ચંપામૃત, પાલીતાણા રોડ,
જિ. ભાવનગર, **સોનગઢ**
ફોનં. (૦૨૮૪૬) ૨૪૪૬૫૪,
મો. ૯૪૨૬૩૪૪૫૫૯

**સૌજન્ય :**
હસમુખલાલ પોપટલાલ વોરા
**પ્રમુખશ્રી :**
દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ- ૩૬૪૨૫૦

# વિદેહમાં બહેનશ્રીનો જીવ
# (૧) (દેવરાજ)

(અપદ્યાગદ્ય - અછાંદસ રચના)
(વર્ગીકૃત રચના)
બાળવયે માતાતણા
ખોળામહીં સુતેલ છું.
મા બાપ છે;
કુટુંબ છે;
માતાની યાદ સહજ,
જેણે પીળો સાડલો પહેરેલ છે.
મકાન ઊંચી જાતના
વિશાળ-ચકમકતા દીસે.
લાભ...ભાઈ સહ નિશાળમાં
નાનીવયે જાતો દીઠેલ છે.
નિશાળ કેવી તે યાદ નથી.
ત્રણ મિત્રો ત્યાં મુજ દીસે.
ચંદ-ભાઈ એકનું નામ છે.
મુજ બા અને લાભભાઈની
બાને બહુ ત્યાં મેળ છે.
ફતેરકુમારની સાથમાં
એક સ્થાને બેસીને
વાતો ઘરમની થાય છે.
ચંદભાઈ, શિશુભાઈ તે
છે કોણ તે જાણ નથી.
અત્યારના સ્મરણો સમા
સ્મરણ પૂરવના બધા
છે સ્મરણ વેદનમાં રહ્યાં.
અહીં પૂરુષ છું
અહીંથી સીધો ભરતનો ભવ દીસે.
વૈરાગ્ય સ્થિરતા ઘણી
બ્રહ્મચારી અહીં હું બાળથી.
પરણ્યો નથી એમ લાગતું.
લુગડાં ખાદી તણાં
સાદો ઘણો દેખાવમાં.
પીળાશ પડતો ઉજળો
વર્ણ શરીરનો દેખાય છે.
બહુ વાર હ્યાં આવી રહ્યો.
ભગવાન જ્યાં બીરાજતા
નિર્વિકલ્પ-સમકિતી ખરો
સ્વસન્મુખતા લક્ષે રહે.
ગોળ મુદ્રા સાથમાં
આંખ મોટી લાગતી.
શરીર મધ્યસ્થ અહીં.
ત્રીજા દેવમાંથી આવીને
પુરુષ પણે અહીં હું જનમીયો,
હું દેવલોકે દેવમાં
તાળી પાડીને નાચી રહ્યો.
તે દેવ પહેલા બળદીયો
મહા વિદેહમાં દેખાવ છું.
જે લાલ રંગે, સુકાયલો દીસે.
દેવાભાઈ અહીં મુજ નામ છે.
અહીં જે દેહ પ્રમાણ તે
ભરતે કશો ના મેળ છે.
ભરત આદિ લોકનું
સ્વરૂપ અહીં સાંભળેલ છે.
બળદ પહેલા ભવમહીં
ઘોડા સવાર હું હતો.
રસ્તા મહીં કો મારેલ ત્યાંથી
બળદ ભવમાં આવીયો.
"આ દેવા ભાઈનો જીવ તે
ભાવી ગણધરમાં હશે."
એમ સીમંધરે કહ્યું.
છે સ્પષ્ટ સ્મરણમાં રહ્યું.
આગલા ને પાછલા
ભવાંતરો ભગવાને કહ્યા.
રાજકુમાર તીર્થંકર થશે
દેવાભાઈ ગણધર ત્યાં થશે.
દેવેન્દ્ર કીર્તિ નામ હશે.
રાજકુમાર તે પુત્ર પણ હશે.
અહમિંદ્ર ગુરુદેવ થશે
ત્યાં આ આતમા સાથે હશે.
કુટુંબી પણે પણ ત્યાં હશે.
દેવલોકમાં પણ સાથ રહે.
આત્મા પૂરવના હોય તે
જન્મ ફરે પણ ઓળખાય છે.
મતિ નિર્મળ-સ્થિરતા કારણે.
ના આતમા દેખાય પણ
દેહ પર્યાયો બધી જોયેલ તે
જાણી-ઓળખી શકાય તે.
સચોટ તે નિઃસદેહ છે.
સીધો જ છે આવેલ કે
બીજે ક્યાંય છે ગયેલ તે
સીધી સંધિ થકી તે જણાય છે.
ગુરુદેવના વ્યાખ્યાનમાં
ઉપયોગ સૂક્ષ્મ ત્યાં થતા
પૂર્વભવો યાદ થતાં.
મોટા મહેલ શા ઘર ત્યાં હતાં.
ગાય-ભેંસો પણ હતાં.
માત-પિતા-કાકા કુટુંબી બધા
યાદમાં આવી જતા.
બાગબગીચાથી શોભતા
ઘર સમિપમાં મંદિર રહ્યાં.
પૂજા કરવા જઈ રહેલું છું.
ભોજન શુદ્ધ ઘરમાં બન્યા.
મુનિરાજ પધારી રહ્યા.
રાજભુવન નજદિક રહ્યા.
ઘર સામને ભાઈ એક-વસે.
ધાર્મિક ગુણવંત દીસે.
તે જૈનંદ વા જયંદના
ભાઈ સમાન સંબંધો બન્યા.
ઘર યાદ આવે સાથમાં
રાજકુમારનો મહેલ વળી
અનુપમ મુદ્રા ધારી મહા
સીમંધરની યાદ ફરી-ફરી.
આ લોકના સ્થાનો ઘણા
આ જીવ છે ફરી આવીયો.
દેવ ભૂમિના સ્થાનો ઘણાં
આ જીવના જાણીતા છે.
ઘણી વાર ત્યાં આવેલ છે.
કહાન ગુરુ સાનિધ્યે હવે
રહ્યાનો સુયોગ છે સાંપડયો.
વૈરાગ્ય બધેથી પામીને
શુદ્ધાત્મ સમાઈ જવું
છે તેજ શ્રેયભૂત ખરે.
માયા થઈ શું તે કંઈ
ના યાદદાસ્તે આવતી.
'વિરાધનાના પ્રકારમાં
જ્ઞાન પ્રયત્ન કિનારો નથી.
સ્થિરતા પ્રયત્ન કિનારો રહે !'
આ રીત નિષેધતા રહી.
ગુરુદેવથી જે નજીકના

પરિચય થકી દૂરે પડયા.
પૂર્વપરિણતિ તણો તે દોષ છે.
અપરાધની ક્ષમા ચહુ
ના લાભ કાળે લાભ લીધો
અકાળે અવતાર થયો.
એમ સ્વપ્નમાં લાગી રહ્યું.
ગુરુદેવ ચરણે શું ધરું ?
પ્રતાપ-ઉપકારો ઘણા
આપના વર્તી રહ્યા.
વ્યાખ્યાનમાં એકાગ્રતા
આ ધારાની શરૂઆતથી
સ્મરણમાં વાતો આવી રહી.
શુદ્ધાત્મ દ્રવ્યની મુખ્યતા
વળી મહિમા બહુ રહી.
શ્રુત ચિંતનની મહિમા થતી
ઉપયોગ વલણ ત્યાં રહે.
શુદ્ધાત્મ પરિણતીની તરફ
છે પુરુષાર્થની ગતિ રહે.
પરિણતિની ગતિ સહજ રહે.
તો પણ ભવાંતરો જોવા થકી
તે જાણવા ઉપયોગ વળે.
જિનાલયોના દર્શન અને
મહિમા બહુ આવી રહી.
આ ભરતમાં ચૈતન્યથી
ભરપૂર વાણી મળી રહી.
રહસ્યમય નિરંતરે
વાણી અદ્‌ભુત મળે.
આહારદાન પ્રસંગો અને
તીર્થયાત્રાઓ થઈ.
કલ્યાણકોના અવસર મળ્યા
એ પુનિત પ્રસંગો બધા.
ઉલ્લાસનું કારણ રહ્યા.
તિર્યંચમાં ભૂખ-પ્યાસ ને
પરાધીનતા દુઃખ સહ્યાં.
ગર્ભ બંધીખાનાતણા
બહુ દુઃખ તે યાદ થયા.
નરકના દુઃખો-ભૂમિસહ
પ્રત્યક્ષ સમ નજરે તરે.
દેવલોકનો વૈભવ વળી
વિદેહ મોટા શરીર ત્યાં
મહેલો ઘણાં મોટા હતા.
ભગવાન વાણી સાંભળી
રથ બેસી દર્શને જઈ રહ્યો.
કુમાર તીર્થંકર થશે.
કુંદકુંદ વિદેહ પધારીયા.
મુનિવરો અહીં વિદેહમાં
અંગ પૂર્વના જ્ઞાની રહ્યા.
ઋદ્ધિ વળી ધ્યાન અહીં
વિદેહમાં પ્રગટી રહ્યા.
ચૈતન્ય પરિણતિ ઉપયોગ પણ
સાધક સ્થિતિ હોવા થકી
દેવ-ગુરુને શાસ્ત્ર પ્રતિ
ઉપયોગ છે જાતો રહે.

**(૨) ફતેહકુમાર**
**(પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામી)**

ગુરુદેવ હ્યાં વિદેહમાં
રાજકુમારે શોભી રહ્યા.
ફેંટો બદામી બાંધીને
ડુંગર-પગથીયા ચઢતા દીઠા.
જરીના લુગડાં પહેરીને
પુણ્યવંત શા ચાલી રહ્યા.
પગ પાની રંગ પુણ્યવંતનો
શરીરબાંધો સારો રહ્યો.
ઉપદેશ સુણવા આવીયા.
અધ્યાત્મ રંગ રંગાઈ ગયા.
વિચારની ધૂન જ્યાં ચડી,
સ્થિરતા વધતી જતાં
નિર્વિકલ્પથી બહાર આવતા
રાજકુમારનું નામ સાંપડયું.
તે ફતેહકુમાર રહ્યું.
મહેલ તરફ તે જઈ રહ્યા.
તે માળ ઊંચા દૂર છે
ઉપર વચ્ચે મહેલ છે.
ત્યાં ગોળ છત્રો શોભતાં.
ફતેહરાણા સાહેબ અહીં
રસ્તામહીં ચાલ્યા જતા.
માતા પિતાની સાથમાં
રાધા રાણી લક્ષ્મી દીસતાં.
જે વાદળી ઓઢેલ છે.
જરિયન ભરેલી કોર છે.
પુણ્યવંત વળી ગુણવંત છે.
રાજકુમારને રાણી છતાં
સદાય બ્રહ્મચારી રહ્યા.
રાણી બહુ ધાર્મિક ને
સમકિતને પામેલ છે.
તે ગુણનું બહુમાન રહે.
રાજકુમાર એ જાણતા
પોતે ભાવી તીર્થંકર થશે.
હું તીર્થંકર થવાનો છું નક્કી.
કુંદકુંદ સ્વામી પધારીયા
ફતેહમંદ પણ ત્યાં આવીયા.
બહુમાનથી ઉલ્લાસથી
હાથ જોડીને ઊભા રહ્યા.
આત્મા છે એક તેનો
ડંકો વગાડવો નૌવલમહીં.
રાજકુમારને બે રાણીઓ
સુભંગા, પટોધરા પણ દીસે.
રાજકુમાર ત્યાં છેવટે
વેદનાની સ્થિતિમહીં
પુરુષાર્થમાં ના રહી શકેલ છે.
પલંગમાં સુતેલ તે
રાજકુમાર મેં જોયેલ છે.
જ્યાં ધાતકીખંડ દ્વીપ ત્યાં
વિદેહ તીર્થંકર થશે.
સૂર્યકીર્તિ નામ વળી
સર્વાંગ સ્વામી પણ કહે.
દેવલોકથી આવી પછી
જંબૂદ્વીપના કો ક્ષેત્રમાં
રાજકુમાર પણે અવતાર થશે.
તીર્થંકર ભગવાનની
ત્યાં હાજરી પણ છે દીસે.
ગુરુદેવ છે ત્યાં જનમશે.
મહાન આત્મા તે હશે.
મુનિપણું ત્યાં પાળીને
અહમિંદ્ર દેવમાં તે જશે.
માનવભવે તીર્થંકર સમીપમાં
તીર્થંકર ગોત્રની પ્રાપ્તિ થશે.
ત્યાંથી દેવના ભવની પછી
ધાતકી વિદેહ તીર્થંકર થશે.
પૂર્વભવે જે સાંભળી

તે વાત સ્મરણ આવી રહી.
સ્પષ્ટ રૂપમાં આવી રહી.
જંબૂદ્વીપે કો ક્ષેત્રમાં
તીર્થંકર ઘરે જનમ થશે.
એમ સ્મરણમાં આવેલ છે.
ફતેહમંદ જે અહીં રાજકુમાર છે.
ભગવાન વાણીમાં સુણ્યું
ભાવી તીર્થંકર થનાર છે.
મહિમા બહુ તેથી વધે.
થોડા ભાવોના પહેલા ભાવોમાં
મનુષ્ય ભવે જ્યારે હતા.
શક્તિ બહુ દિવ્ય હતી.
દીપ્યમાન પુરુષ દીસતા.
પુણ્ય ફળ રસ સાંપડચો
દેવો બહુ પસંદ થતા
સહાયતા બહુ સાંપડી.
દિવ્યતા વાળા ભવમહીં
મેરુ મંદિરો જે શાશ્વતા
પ્રતિમાઓ વળી જ્યાં શાશ્વતી
ત્યાં દર્શન કરવા તેડી ગયા.
એ માનવભવમાં તેમને
સુગુણવંત કુટુંબીઓ હતા.
સુશીલ-સજ્જન પરિવારમાં
માતપિતા વૈભવવંત હતા.
માનવ બીજો ભવ જ્યાં થયો
ત્યાં પણ પુણ્યશાળી રહ્યા.
સર્વ કાર્યે જીત મેળવી
અજબ શક્તિ ત્યાં પણ હતી,
ગૃહપરિવાર સહ તે કેવળી તણો
ઉપદેશ સાંભળવા ગયા,

મુનિરાજ દર્શન કરવા ગયા.
મુનિરાજને ત્યાં પૂછતા
ભવની બધી વાતો મળી.
ભવાંતરે તીર્થંકર જાણવા.
નિઃશંક સ્પષ્ટપણે
એ યાદ છે આવી રહ્યું.
ત્યાંથી પછી દેવલોકમાં
પુણ્યરસ મંદતા ત્યાં થઈ.
સાધારણ થોડા ભવો કરી
મહાવિદેહમાં જનમ્યા પછી.
દેવી પુરુષના ભવમાં વળી
તીરથ યાત્રાઓ બહુ કરી.
કુટુંબ ચાકર સાથમાં
વન-જંગલે રથમાં જઈ.
પ્રતિમા અને મંદિરતણા
દર્શન કરે-સ્વપ્ને દીઠુ.
ગુરુદેવ દેવલોક પછી
તીર્થંકર રાજાના ઘરે
પુત્ર પણે ત્યાં જનમ ધારશે.
માતાને સ્વપ્ના આવશે.
તે ક્ષેત્રની જમીન સુંદર
હરિયાળી, સુંદર લાગતી.
તે ભગવાન સુજય વા જય હશે.
ત્યાં મુનિપણાને પામીને
અહમિન્દ્ર જનમને ધારશે.
એ મનુષ્ય ને દેવ ભવે
સાથ અમારો ત્યાં હશે.
ખંડ ધાતકી દ્વીપમાં તીર્થંકરે
એ જનમશે ત્યારે અમે
ગણધર અને પુત્રપણે નિશ્ચિત છે.



એ વાત સમવસરણે
સીમંધર કહેલ, સાંભળેલ છે.
પરમાગમોને પ્રકાશિયા
ચૈતન્ય શ્રુત ખૂલી જતા
મહિમા અહો ! શી થાય ત્યાં !
શાસ્ત્રોતણી મહિમા કરી
તે સૂક્ષ્મતા પ્રકાશતા.
કેવળ જ્ઞાનની જે સૂક્ષ્મતા
તેના જ્ઞાનને પ્રકાશતા.
જ્ઞાયક મહિમાને કહે
ગહન સ્વરૂપ બતલાવતા.
મુક્તિ માર્ગ પ્રકાશનહાર અહો !
ગુરુ ગુણ કયમ હું કથી શકું ?
સર્વ શાસ્ત્ર રહસ્ય પ્રકાશતા
ઊંડા અર્થ ઉકેલો કર્યા.
ચૈતન્ય માર્ગની મહિમા કરી.
સમ્યકમાર્ગ પર દોરી ગયા.
મુખકમળથી અમૃતધારા
વરસતી પ્રદેશ, પ્રદેશમહીં
શ્રુતજ્ઞાન દીપક પ્રકાશતા
શ્રુત પર્યાયો પ્રગટી રહી.
શ્રુતરસ મહીં તરબોળ જે
જ્ઞાનાવતારી દિવ્ય મૂરત
ભારતમહીં અજોડ ખરે !
એ દિવ્યમૂર્તિ દર્શન થકી,
શ્રુત ધારના શ્રવણ થકી,
સુખાદિ નિધિ જ્યાં પ્રગટતી.
તે ગુરુદેવના ચરણ કમળ મહીં
હૃદય મમ નમન કરે.
અંતર મુજ ઉલસી પડે.
"ગુરુદેવની વાણી તણો

અનુપમ સૌષ્ઠવ જરો ને
ભાગ્યનો કાળ !" - એ જાતનું
સ્વપ્ન સવારે આવીયું.
ગુરુદેવ પરમ પ્રતાપ વડે
આ બધુંય છે-તે આપનું.
અંદર ઘોલન જે થયું,
જે આવી રહ્યું તે જ લખાય છે.
વિદેહમાં પણ લોકમાં
એ વાત પ્રસરેલી હતી
રાજકુમાર ભરતે જનમીને,
કુંદકુંદ મારગ ચાલીને
ધર્મ તીરથને પ્રકાસશે.
બાળવયે ત્યાં ઘરમના
સંસ્કારથી ત્યાગી રહી,
આચાર્ય મારગે ચાલીને,
ધરમ તીર્થને પ્રવર્તાવશે.
એ વાત ત્યાં પ્રગટ હતી.
ને લોક પ્રસરેલી હતી.
દેવાભાઈને પણ જાણ હતી.
ગુરુદેવ અમૃત વાણી મળી
પાવન પ્રસંગો બહુ મળ્યા.
તે તો અહો ભાગ્ય મહા !
પરિભ્રમણનું દુઃખ સામટું
ગુરુવાણીથી સત્વર ટળે.
દુઃખો અનેકના હણાય છે.

**(૩) શ્રી સીમંધર સ્વામી**
**(વિદેહ ક્ષેત્રનાં તીર્થંકર ભગવાન)**

આ સીમંધર બીરાજી રહ્યા.
એ સ્મરણ વેદન પરિણમી રહ્યું.
શરીરમાં હીરા સમું

કંઈક ચમક પરિણમન થતું.
આડાબીડ યોગી લાગતા.
ભગવાન ત્યાં પદ્માસને
શરીર બહુ મોટું દીઠું.
પ્રકાશ ચમત્કારીક પડે.
શરીરમાંથી પ્રકાશ નીખરે
આસન મજાનું હોય છે.
દેવો બધા નૃત્યો કરે,
બહુમાનથી હૃદય નમે.
ત્યાં શ્રતકેવળી શંભુ...છે.
ગણધર દેવનું તે નામ છે.
અધ્ધર ત્યાં બેઠેલ છું.
વાજિંત્રો બહુ વાગી રહ્યાં.
દેદારમાં ગંભીરતા ને
જ્ઞાનનો દરિયો વહે.
પ્રભુ ધ્વનિનો અવાજ તે
ક્યા દ્વારથી ના ખબર છે.
ગળામહીં અવાજ છૂટતો,
એકાકારતા અવાજે દીસે.
સમજાય એવા આકારો થતા.
વાણી અને શરીર બધું
આત્મા થકી અલગ લાગી રહ્યું.
ભગવાનની વાણી સાંભળી
યાદ તેની થોડી આવતી.
તીર્થંકર અને ગણધરતણી
જે વાત છે ત્યાં સાંભળી
વારંવાર સ્મરણમાં તરે.
સાક્ષાત દર્શન સાંપડે.
દ્રવ્ય ગુણનું સ્વરૂપ કહે,
વાણી રહસ્યોથી છે ભરી.
પ્રથમ રસ ઝરતી વાણીમાં
મીઠાશ એવી આવતી
વર્ણવી ના શકાય કદી.
ભગવાનથી ના છાનું કશું !
બધુંય વાણીમાં કહ્યું.
બ્રહ્માડ ચૌદે આવી રહ્યાં.
એ સાંભળી મુજ ચિત્તમહીં
ટાઢક થતી, શાંતિ થતી.
આનંદમાં આવી જતી.
સમુદ્ર ઉછળતો દીસે
ધીર-ગંભીરતા બહુ
ઉપમા ન તેની કો મળે.
ચો બાજુ અપેક્ષાથી કહે.
સતત સુક્ષ્મ અંશ પ્રકાશતા.
સ્વ-પર સ્વતંત્રતા કહી.
ઉત્પાદ-વ્યય-ધ્રોવ્યતણું,
પર દ્રવ્યની ભિન્નતા તણું,
બંધન-મુક્તિ સ્વરૂપનું,
નિશ્ચય વળી વ્યવહારનું,
અદ્‌ભૂત તે રહસ્યોભર્યું.
સૂક્ષ્મ ગહન સ્વરૂપ વર્ણવ્યું.
મહિમા બહુ છે આવતી.
ભાવો અનંતાથી ભરી,
સૂક્ષ્મ રહસ્ય પ્રકાશતી.
અદ્‌ભૂત યાદ આવી રહી.
આ રહ્યા ભગવાન સામે !
ક્ષણભર વિરહ ભૂલાય છે.
દિલ ઉલસે, મહિમા બહુ
મુદ્રા ન વર્ણવી શકાય છે.
ભગવાન વાણી અદ્‌ભૂત તેમાં
સમુદ્ર છે ઉછળી રહ્યો.
ભેદ જ્ઞાનથી વાતો થકી



ભવપાર ત્યાં જીવો પામતા.
રહસ્યથી ભરપુર એ
અનંત પડખાથી ભરેલ છે.
પૂર્વ ભવે જે સાંભળ્યું,
તે અહીં યાદ આવી રહ્યું.
ગુણ-પર્યાયો અનંતા બધાં
આત્મામહીં ઉછળી રહ્યાં.
શાંત રસ ભરપૂર વાણી
મીઠી મધુર લાગતી.
અમૃત રસ એવો, ન જાણે
મીઠો મેઘ છે ગાજી રહ્યો. !
સૂક્ષ્મ રહસ્યોથી ભરી
વાત ઊંડી આવી રહી.
ચારે તરફ પંહોચી વળે
સમુદ્ર શી એ ગાજતી !
તરંગ સમ ઉછળી રહી,
ચૈતન્યની પ્રાપ્તિ થતી.
મહિમા ભરી વાણી તણો
ઉલ્લાસ બહુ આવી રહ્યો.
અગણિત-અનંત સ્વભાવો વળી
અગણિત વાચકોએ ભરપૂર છે.
અનંત ગંભીરતા ભરી
એ વાણીની શી વાત છે !
એકાક્ષરી હોવા છતાં
અનંત પડખાથી એ ભરેલ છે.
સામાન્ય-વિશેષો બધા
દ્રવ્ય સ્વભાવને પ્રકાશતા.
અનંત રહસ્યોભરી વાણી ત્યાં સાંભળી.
આશ્ચર્યકર-અદ્‌ભૂત એ
ભગવાન જૂદા જ હોય છે.
વાણી જુદી ત્યાં હોય છે.
ભગવાનની વિભૂતિ વળી
સમવસરણ જુદું જણાય છે.
ભગવાનની વાણીમહીં
જ્ઞાન, ઉપયોગ ને
સત દ્રવ્ય સ્વરૂપ તણાં
સૂક્ષ્મ ભાવો આવી રહ્યા.
અંગપૂર્વ, જ્ઞાન પ્રવાદ તથા
સત્ય પ્રવાદ, સર્વ વિશ્વતણા
સૂક્ષ્મ અનંતા ભાવો છે ભર્યા.
અંગ પૂર્વ છે સીમા રહિત પણ
વાણી અસીમ, ગંભીર છે.
બ્રહ્માંડ રસાંશો વળી
ભાવી અનંતા સાથમાં
સુક્ષ્મ ભાવો આવતા.
ગુણ-પર્યાયો અનંતા બધા
આત્મામહીં ઉછળી રહ્યાં.
ચેતન ગુણ રત્નાકર તહીં
અનંત ભાવાંશો સૂક્ષ્મ ને
અનંત રસાંશો સૂક્ષ્મ ઉપજે.
જ્ઞાન પર્યાયોની પ્રગટતા
જીવ-પુદ્‌ગલોની અસ્તિ વળી
આતમ સુધા સાગર ત્યાં
સુધા પ્રવાહ વહેતો રહે.
ચૈતન્ય તત્ત્વનું ચિત્ર મળ્યું.
ત્રણ લોક ચિત્ર ખડું થયું.
બ્રહ્માંડના સૂક્ષ્મ ભાવોતણું
ચિત્ર સ્પષ્ટ હ્યાં સાંપડયું.
કુમાર ને સભાજનો સહુ
વાણી સુણે આશ્ચર્યથી.

## (૪) સમવસરણ (સીમંધર ભગવાનનું)

સમવસરણે બેસવા
મોટું વિશાળ ક્ષેત્ર છે દીસે.
ચળકાટ વાળા વાંકીયા
રત્નતણાં શોભી રહ્યા.
ઉપર-નીચે કાંગરા
કોતરણી કરેલા રાખીયા.
નીચે રત્ન સળીના થપ્પા બહુ.
સીધા દેખાવમાં શોભી રહ્યા.
પીળો રંગ ત્યાં દેખાય છે.
કમાન લીટી લાલ છે.
દરવાજે પણ જોવા મળે.
કમાન પર કમાન બહુ
પગથીયા ત્યાં નીકળી રહ્યા.
આશ્ચર્યકર દેખાવ એ
ભરતે નહીં જોવા મળે.
મહિમા બહુ આવી રહ્યો.
સમવરસણની યાદથી
આ જન્મને ભૂલી ગયો.
વૃત્તિ તન્મયતા થતાં
ભગવાન સમીપે લાગતો.
અદ્‌ભૂતતા લાગી રહી.
પરિચિતતા બહુ લાગતી.
ત્યાં આવવું-જવું લાગી રહ્યું.
અહીં ઝાડ છે.
અહીં કુંડ છે.
થંભો મોટા હોય છે.
પીળા-ભૂરા એ થંભો ઉપર
રાતી ધજા દેખાય છે.
ધોળી લીટીઓ નજરે પડે.
છોડવા-રમણીક ને
કમળ ત્યાં દેખાય છે.
મખમલ બીછાવેલ બધે
બેઠક વ્યવસ્થા હોય છે.
મહાવિદેહમાં મંદિરો ઘણાં
મોટા, બહુ ને ભવ્ય છે.
બહુ જાતના રત્નો ઘણાં
મંદિર ભીંતોમાં છે જડયાં.
રત્ન પ્રકાશ છે એહવો
મંદિર આખું પ્રકાશતો.
પ્રતિમાજી પણ રત્નોતણા
પ્રકાશમાન ને અદ્‌ભૂત ખરે !
સમવસરણની યાદ બહુ,
રત્ન-પાંદડા વન ભૂમિમાં.
શ્રી મંડપ ત્યાં મોટો ઘણો
માનસ્તંભો ગગનચુંબી બધાં.
તે દિવ્ય-આશ્ચર્યકર ઘણાં.
ત્યાં દેવતાઈ વસ્તુઓ બધી
પ્રદર્શનથી ભરપૂર છે.
ભરતની કો વસ્તુ થકી
ઉપમા થકી સમખામણી નહીં.
ચર્મ ચક્ષુથી જોઈ શકાય ના
તુલના ન થઈ શકે કદી.
સમવસરણે વસ્તુ એવી દીસે
સમવસરણમાં પ્રવેશ થતાં
વસ્તુ અનેક જોવાની મળે.
સુગંધથી ભરપૂર ત્યાં
રત્ન પુષ્પવાડીઓ બની.
ફળ-ફૂલથી ત્યાં શોભતા-
ઝૂલતા વૃક્ષ રત્નોનાં બન્યાં.
દેવ વૈક્રિયકથી બનેલ ત્યાં
બજાર દેખાવો ઘણા
અનેક વસ્તુઓ વળી
રત્ન આભૂષણ દીસતા.
શંખ ચક્ર જેવી વસ્તુઓ
પ્રદર્શનમાં રાખેલ છે.
મહેલો, ફરવાના સ્થળ વળી
રત્નના ઝૂલાઓ બન્યા.
ત્યાં દિવ્યમૂર્તિ, શોભતા
ભગવાન બીરાજી રહ્યા.
હોઠ ના ચાલે પરંતુ
મધુર ધ્વનિ પ્રસરી રહી.
ચૌદ બ્રહ્માંડ સ્વરૂપે ભરી.
વિશાળ પીઠીકાઓ પરે
રત્ન જડિત સિંહાસન દીસે.
રત્નમય સુગંધી કમળ પરે
પ્રકાશ પૂંજ સમાન આ
સીમંધર બીરાજી રહ્યા.
ભગવાન ઉપર રત્નના
શિખરો તણો દેખાવ છે.
તે શિખર નીચે બાજુમાં
રત્નની શોભાઓ દીસે.
એ બધીય વસ્તુ દિવ્ય તેનું
વર્ણન કદી ના થઈ શકે.
ભગવાન હૃદયે તરવરે
તેથી લખાઈ જાય છે.
નીચે બહુ રસ્તા દીસે
જે ગામમાં છે જઈ રહ્યા.
બહુ મકાન આજુબાજુ તહીં
અમ ઘર નાના રસ્તે દીસે.
દેવલોકમાંથી આવી અહીં
મહાવિદેહમાં હું જનમિયો.
બહુ કાળથી અહીં હું રહું.

## (૫) નૌવલપુર (વિદેહ ક્ષેત્રનું ગામ)

જે ગામમાં મુજ વાસ તે
નૌવલપુર કહેવાય છે.
ત્યાં નૌવલાનગરી મહીં
કો માણસની વાતો કરી.
તે નગરના રાજા દીસે
દીપોહમંદ તેનું નામ છે.
કુમારના પિતા તણી
સુલેહણા રાણી ત્યાં વસે.
શરીર જબરું,
બાંધો મઝાનો,
ઊંચા વર્ણથી પુણ્યવંત દીસે.
તે બુદ્ધિશાળી રાજાતણા
ઊંચા ગુણો વર્તાય છે.
સુલેહણાનું ઓઢણું
પીળા રંગથી રંગેલ છે.
કુમારના બે ભાઈ તેનુ
નંદ...ને બાળ...બે નામ છે.
બે શેઠ નગરશેઠ ત્યાં વસે
જીવન...પરમ...ત્યાં નામ છે.
કામ પ્રસંગે રાજાતણો તેને સંબંધ છે.
જીવા શેઠ મુજ પિતા અને
પરમ શેઠ પિતા લાભ...ભાઈના
પરમ રાતી પાઘડીમાં દીસે
ગણધારી માતા લાભ...તણી
શેઠાણી તે બહુ મોટા છે.

વિશાળ ઘરમાં વાસ કરે.
ત્યાં નોકર-ચાકરો બહુ દીસતા
કામકાજ નગરશેઠ સમાન છે.
એ કુટુંબમાં બે દિકરા
લાભભાઈ, ચખુભાઈ છે.
બીજા નામો કંઈ યાદ નથી.
જીવા શેઠ વૈભવવંત તેનો
સ્વભાવ સારો છે દીસે.
શેઠાણી ભદ્રા-ભદ્રવાહા
ગુણવંત તે માતા રહ્યાં.
શેઠ ધોળી પાઘડી સહ
ધાર્મિક બહુ તે લાગતા.
હું એકલો દિકરો ઘરે
નહીં ભાઈ-બહેનો ત્યાં દીસે.
કાકા, કુટુંબ પણ ત્યાં વસે.
આર્ય ભાષા ત્યાં હતી.
દેશપ્રત્યક્ષ, સર્વ પ્રત્યક્ષ ને
પાણી પુર ત્યાંની ભાષા છે.
નૌવલપુરથી સેના લઈ
કુંડલપુર સૌ સાથે ગયા
નૌવલપુરની યાદ હ્યાં
વારંવાર છે આવી રહી.
શોભીતું બજાર ત્યાં દીસે.
રત્નમય મંદિરમાં તહીં-
રત્ન પ્રકાશમય ભગવાન વસે.
હું, માત સહ સામગ્રી લઈ
પૂજન કરવા ત્યાં જઈ રહ્યો.
રાજકુમારને નગરજનો બહુ
પૂજનમાં છે ત્યાં આવી રહ્યા.
ઉત્સવ સમે મુજ માત સહ

બીજા નગરમાં પણ જતાં.
નગરના રસ્તા, ચોક વળી
વન, નદી, તળાવ એ બધું
ઘર, ચોક, ફરતા મકાન સહુ અને
માત-પિતાની યાદ રહ્યા કરે.
તે નગરમાં જિનમંદિરે
મહોત્સવ છે ઉજવાઈ રહ્યો.
રાજા અને ફતેહકુમારના
પિતા વડે ઉત્સવ થઈ રહ્યો.
જિનમંદિરે શણગારેલ છે.
દીપોહમંદ ત્યાં સામેલ છે.
જિનમંદિર ત્યાં બધી
દિગંબર પ્રતિમા શોભતી,
શું મહિમાં તેની અહો !
બીજા વળી કો નગરમાં
પૂર્વે જવાનું ત્યાં બન્યું.
તે નગરમાં ઉત્સવમાં
મુનિરાજના કરકમળ મહીં
આહારદાન ત્યાં દીધેલ છે.
દેવાભાઈના ઘેર તહીં
શુદ્ધ ભોજન બનાવેલ છે.
મુનિરાજ ને ત્યાગીને તહીં
સફેદ ફળ વહોરાવેલ છે.
રસોઈ ઘર બાજુમાં છે દીસે.
મુનિરાજ, ત્યાગીઓતણાં
ટોળા નજરે છે ત્યાં દીસે.
ત્યાં ધર્મકાળ એવો હોય કે
લોક સમૂહને દર્શન તથા
આહારદાનનો લાભ સાંપડે.
ધર્મક્ષેત્રથી આ કાળમાં
ભરતે રહ્યાનો ખેદ રહે.



## (૬) કુંદકુંદાચાર્યદેવ (વિદેહમાં)

કુંદકુંદ વિદેહક્ષેત્રે રહ્યાં
સહજ જ્ઞાનમાં જણાય છે.
પુરુષ દેહમાં આ જીવ ષણ
વિદેહમાં બેઠેલ છે.
સીમંધર બીરાજી રહ્યાં
કુંદકુંદ ત્યાં ઊભેલ છે.
શ્રુતકેવળી ટોળાં બહુ
એમ સ્મરણમાં આવેલ છે.
કુંદકુંદ વસ્ત્ર રહિત ત્યાં
યોગીશ્વર સમાન દેખાઈ રહ્યા.
રૂંવાડે દેહાતીત દશા
ત્યાં દેહ ઊંચો જણાય છે.
વર્ણે બહુ ધોળા નથી,
વર્ણે બહુ રાતા નથી,
ના પાતળા-ભરાવદાર દીસે
પીંછી-કમંડળ ના ત્યાં દીસે.
કુંદકુંદ સ્વામી વિદેહમાં
ભગવાનનું પદ સાંભળ્યું
"ક્ષપકત્વ શ્રેણી ભૂદાદ્ધે ભૂતા"
ક્ષાયિકનું વર્ણન થયું.
યતિ, શ્રાવકનું સ્વરૂપ આવીયું.
અદ્‌ભૂત, ઊંડી, ગહન ને
બહુ પ્રકાર વાણી આવી રહી.
રાજકુમાર પદ બીજું કહે
"સિદ્ધ ગવેષાં"શ્રુતકેવળી
કહેલ પદ એ કહી રહ્યા.
શ્રુત કેવળી ત્રણ પ્રકારથી
ક્ષાયિકને વર્ણવી રહ્યા.

ધારા પ્રવાહી, જોડણી વળી
યુગલ ક્ષાયિક, એ ત્રણ જાણવા.
જે જોડરૂપ ક્ષાયિક તે
એક અંશ દ્વારા વિશેષનું
જોડાવું પરસ્પર હોય છે.
વિશેષ કૃતકૃત્યતાના અંશનું
જોડાણ ત્યાં જોવા મળે.
ને સિદ્ધના ક્ષાયિકને
યુગલ ક્ષાયિક ત્યાં કહેલ છે.
શરૂઆતની ધારા તણો
પ્રવાહ તે ધારા પ્રવાહી ગણે.
આઠ દિન ત્યાં કુંદકુંદ સ્વામી
વિદેહમાં રહ્યા તહીં
ચક્રેશ્વરીની ત્યાં હાજરી.
ત્યાં કુંડલપુર કે કુંડીલા-
કુંડલગામમાં આવી રહ્યા.
ઓચ્છવ મોટો ચક્રવર્તી વડે
આદર-સત્કારો થયા.
થાળ મોટો ફળાદિ લઈ
ચક્રવર્તીએ વહોરાવીયા.
કુંડલપુર હું હાજર દીઠો.
વહોરાવવાના ટાઈમે
સુગંધ યુક્ત પાણી-પુષ્પથી
ઊંચી ચીજો-કંકુવડે
પગ પ્રક્ષાલન-પૂજન થઈ રહેલ છે.
ભક્તિ ઘણી અહીં દેખાય છે.
કુંદકુંદ સ્વામી પધારતા કુંડલપુરે
રાજા અને રાણી તથા
માતા, કુમાર રાણીઓ લઈ,
માણસો શેઠ, શેઠાણી વળી
ચંદભાઈ, શિશુ પણ સાથમાં

કો વાહને બેસી ગયા.
કે ચાલતા સાથે ગયા.
પુણ્ય-પાપની વાતો થઈ.
(અજ) બાહુને પણ જોયા તહીં.
મહા સમર્થ યોગી સમી
મુદ્રા કુંદની શોભી રહી.

### (૭) મેરુ પર્વત

દેવલોકમાં દેવો બધા
જન્માભિષેકે મેરુ પરે
જાતા હતા તે યાદ છે.
દ્વીપો-સમુદ્રો આ રહ્યા !
આ રહ્યા પર્વતો બધા !
નગરી ચક્રવર્તી આ રહી !
છે તેમ જ જણાઈ છે રહી.
રૂપાતણો ને રત્નનો
પર્વત જોયેલ તેમ જણાય છે.
જિનાલયો અદ્‌ભુત અને
વનો બધા અદ્‌ભૂત દીસે
તે ચળકતો, શોભિત અને
વિશાળ ઊભો જણાય છે.
જિનાલયે શિખરો રતનનાં
ગુલાબી ને જાંબુડા વળી
વિવિધ રંગે જણાય છે તહીં.
શિખરે કારિગરી ઘણી
રત્ન જડિત છે મંદિરો બધાં.
સફેદ, લાલ, ગુલાબી વળી
લીલા, ઝાંબુડા રત્નોતણાં
પ્રતિમાઓ ખ્યાલે આવી રહ્યા.
કો કારણે તે યાદ છે.
તે આ રહ્યા ! યથાર્થ છે.

પ્રકાશમય તે રત્નનાં
જિનાલયો ચળકી રહ્યાં.
રત્નમય બધું હોય તો પણ
ઝાડ-પાન છે ફરકી રહ્યાં.
શાશ્વતા જિનાલયોના શિખરો
અદ્‌ભૂત પ્રકાશવાળા રંગરંગીન છે
એક ડુંગરે ભગવાન ત્યાં
સમવસરણ બીરાજી રહ્યાં.
ભગવાન કમળ બિરાજતા
કેવા સુંદર છે લાગી રહ્યા !
સ્પષ્ટ ધ્યાં દર્શન થતા.
મહિમા બહુ છે આવતી !
અદ્‌ભુતતા ભાસિત થતી !
સમવસરણ મોટાં ઘણાં
ચળકતાં પાંદડા વનભૂમિમાં,
મોટા પ્રતિમાઓ ઘણા,
રંગરંગમાં ઝગમગી છે રહ્યા.
ગુલાબી છે, પીળા વળી
જાંબલી, સફેદ રત્નોતણાં
રંગીન રત્નોથી જડયાં-
શિખરો મજાનાં શોભતાં.
રાતા, ગુલાબી, સફેદ રત્ન જડેલ તે
તીર્થંકર મંદિર દેખીને
હૃદય મુજ નમી જાય છે.
ઉલ્લાસ છે, બહુમાન વધે.

### (૮) લાભ...ભાઈ (શાંતાબહેનનો જીવ)

મહાવિદેહમાં પુરુષપણે
એક શેઠ પુત્ર દેખાય છે.
નિજ મકાનમાં ઊભેલ છે,





ત્યાં તેને મેં જોયેલ છે,
મલમલ શાં લુગડાં અને
કદ પાતળું, ઊંચુ દીસે,
વર્ણ પીળો ને ઉજળો ઘણો
મોટા મકાને તે રહે.
સ્ત્રી, કુટુંબ પણ સાથે દીસે.
ગુલાબી લુગડાં પહેરેલ છે.
તે ભરતે સીધો આવેલ છે.
રાતના સ્મરણે થતાં
લાભભાઈ સહ વાતો કરી.
શાંતા બહેનનો છે જીવ તે.
દેવાભાઈ કહી મને બોલાવતા.
ત્યાં છાસમાંથી માખણ બને
રમતો ત્યાં રમતા દીઠાં.
ભણતરની વાતો થાય છે.
લાભભાઈએ ત્યાં લગ્ન સમયે
ગુલાબી, રેશમી પહેરેલ છે.
સોનેરી લીટા શોભીત છે.
નૌવલપુરથી દૂર થોડે
ગામ વણવીશ દીસે.
તે ગામથી ગુણભદ્રા નામની
કન્યા પરણી લાવેલ છે.
રથ બેસીને એ આવીયા.
સૂર્યકિર્તી તીર્થંકરતણા
ચંદ્રકીર્તિ ગણધર તે થનાર છે.

### (૯) (અજ) બાહુ (નારણભાઈનો જીવ)

નૌવલપુરે અજયા વસે
(અજ) બાહુ તેનો પુત્ર છે.
ધર્મ પ્રેમી તે થયેલ છે.

ડુંગર પરે મુનિરાજની
પ્રતિમાતણા દર્શનમાં તે દીસે.
તે જ્ઞાનમાં બળીયો ઘણો
રાજકુમારનો પ્રેમ ઘણો દીસે.
સમવસરણે તે જાય પણ
અભિપ્રાયો બદલાઈ ગયેલ છે.
રાજકુમારને પણ તે અભિપ્રાયો સ્થાપતો.
લાભભાઈ, દેવાભાઈ પણ
અભિપ્રાય સાંભળવા ગયા.
"છે આતમા દેશ પ્રત્યક્ષ
સર્વપ્રત્યક્ષ તે છે નહીં !"
"ગુણ છે પ્રત્યક્ષ પણ
દ્રવ્ય પ્રવ્યક્ષ છે નહીં !"
"કો લુંગડું જો હોય તો પણ
મોક્ષ છે ત્યાં થઈ શકે,"
"છે જ્ઞાન શક્તિ સાચે જ ખરી
અન્ય પાણી પુર સમાન છે !"
એકાંત આગ્રહરૂપ ને
નિષેધરૂપ અભિપ્રાય વડે
વિરાધના બાહુથી થઈ.
સ્વરૂપના વેદન મહીં
છે સહજ એ આવી રહ્યું,
બાહુ તે અહીં ભરતમાં
નારણ ભાઈ આતમરૂપ દીસે.
સીધો ભવ છે કે નહીં
તે યાદમાં સ્મરતું નથી.
ઊંધા અભિપ્રાયો એ રીતના.
રાધારાણી ના હાજર તહીં
બીજી ગતિમાં તે ગયેલ છે.
બાહુ સહ કુમાર તણો
જે મેળ તે ના રૂચતો મને.

ખાનગીમાં વાતો થતી
ના કુમારને કહેતા કદી.
એ માયા થઈ ત્યાં પણ ખરે
મહિમા કુમારની તો રહેતી હતી.

## (૧૦) દેવલોક
## (બહેનશ્રીનાં જ્ઞાનમાં)

આગળના ભવે દેવ હતો.
દેવોલોક ત્રીજામાં હતો.
ત્યાં દરવાજા જેવું યાદ છે.
હું દેવલોકે દેવ ત્યાં
દેવો હતા, દેવી હતી,
લુગડાં અને દાગીના બધું
જુદા જાતના ત્યાં હોય છે.
ના બોલવું શક્ય ખરે !
વેદન ગંભીરતા ઘણી
શરીર પર ચળકાટ બહુ.
મખમલ શા લુગડાં બધાં.
રંગીન ને ઝગમગાટ બહુ.
ત્યાં દેવના નૃત્યો થતા.
હું તાળી પાડી નાચતો.
નલીની નામે કોઈ ત્યાં
તે કોણ તે ના જાણતો.
હું દેવલોકે લાગતો.
પ્રતિમા દર્શને જતો.
દેવીઓ, દેવ લોકમાંથી
તીર્થંકર દર્શને જતો
ત્યાં ગણધર કોઈ આવીયા;
અદ્ધરથી પધારીયા
સીમંધર કેવળજ્ઞાનની
ત્યાં વાત ગણધર દેવે કહી-

આ જીવ દેવે પણ રહ્યો
સાક્ષાત સમ એ ભાસતું-
ત્યાં ભોંયતળીયા રત્નના
લીલા, ગુલાબી રત્નોથી જડ્યાં.
ભીંતો બધી રત્ને જડી.
કમાન દરવાજા હતા.
પંચ રંગી રત્નોથી બધાં-
પ્રકાશમાન દીસતાં હતા.
બાગબગીચા, મહેલો બધા
રત્નમય પણ ફરકતાં દીસતા.
મહેલો બધાં રત્નો જડયાં.
ફરવાના સ્થાન સૌ રત્ને ભર્યા.
ત્યાં બેસવા સ્થાનો હતા.
આસનો જુદાં જુદાં બધા.
ને દેવ જ્યાં નાટક કરે
તે સ્થાન સૌ જુદાં હતાં.
દેવ વસ્ત્રાભરણોતણાં
પટારા રત્નોથી ભર્યા.
શોભિતા જિનાલયો હતાં.
સ્ફટિક દ્વારો સફેદ મંદિરમાં
દેવ પૂજા ત્યાં કરે
શાશ્વત પુસ્તકો રત્નોતણાં.
પૂંઠા અને અક્ષરો પણ બધાં
ત્યાં શાસ્ત્રમાં રત્ને જડ્યાં.
સર્વ રત્નોથી ભરી
સ્વર્ગપુરી આશ્ચર્યોથી ભરેલ છે !
શોભિતા જિનાલયોમહીં
સમવસરણ રચનાઓ હતી.
નદી, તળાવ, ગઢો વળી
સિંહાસન, શિખર મોટા હતાં.



કારિગરીથી ભરેલ તે
રત્નોથી સુશોભિત હતા.
આ રસ્તા દિવાલ, મંદિર ને
મહેલો, બગીચા રત્ને ભર્યા !
બધુંય સાક્ષાત જણાય છે.
બધુંય સ્પષ્ટ જણાય છે.
લાલ, ગુલાબી, સફેદ રત્નો
મધ્યલોકમાં દેવોના નગર
ત્યાં પર્વતો, વનો રત્નનાં દીસે.
ચાંદી સમાન ચળકતાં
કોઈ લીલા રત્નો તણાં
મહેલો બધાયે દિવ્ય ત્યાં.
વન, પર્વતો, નદી પરે
દિવ્ય મહેલો ત્યાં દીસે.
રત્નો વડે પ્રકાશતાં-
રસ્તા રત્ન જડિત બધાં.
સ્થળો વિવિધ ફરવા જવા.
લીલા, સફેદ, રાતા વળી
વિવિધ મહેલો રંગીન છે.
દિવ્ય મંદિરો પણ બધાં
પ્રકાશથી શોભિત દીસે.
મહિમા બહુ આવી રહી. !
રત્ન જડિત દરવાજા બધે.
અસ્તિ બધીય જણાય છે.
પ્રત્યક્ષ જેમ જોયેલ છે,
તેમ જ વળી સાંભળેલ છે.
નિર્મળતા જે જ્ઞાનની
નિઃસંશય જેમ જણાય છે. !
વૈમાનિક દેવના વિમાન ઉપર
દિવ્ય, વિશાળ ને મોટા ઘણાં

આશ્ચર્યકારી લાગતાં
રત્ને જડિત કમાનો તણાં
મોટા મહેલો ત્યાં ઘણાં.
ફળ-ફૂલ રત્નોનાં બધાં
મહેલો પ્રકાશિત લાગતાં.
રત્નો તણો પ્રકાશ ત્યાં બધે.
ભગવાનની પૂજા થતી
રત્નફળોથી જ્યાં સદા.
જ્યાં પાંદડા રત્નો તણાં.
ફળ રત્ને ભરેલા વન બધાં.
સ્ફટિક ભરપૂર મંદિરો મહીં
પ્રતિમાઓ આશ્ચર્યકારી બધે.
શોભા બધી અદ્‌ભૂત જે
ભાષા મહીં ના આવતું.
પ્રત્યક્ષ સમ જણાઈ છે રહ્યું.
દેવ વિભૂતિઓ બધી
આશ્ચર્યથી ભરપૂર છે.
ત્યાં દિવ્યતાનો પાર ના
દેવ ભવની યાદથી
મેરુ જિનમંદિરો વળી
દેવ મહેલો, ભૂમિ નરકની,
મધ્ય લોકના નગરો બધાં
નિઃશંકતાથી જણાય છે.
પ્રત્યક્ષ સમ નજરે તરે !
મહિમા થતાં એકાગ્રતાથી
ઉપયોગ બહુ ત્યાં જાય છે.
શાસ્ત્રો બધાં રત્ને જડયાં
રત્ને જડિત ત્યાં અક્ષરો બધાં.
બ્રહ્મ ચૌદ જ્યાં વર્ણવ્યાં.
સત સોહામણું, વિશ્વ અખંડ આ

સ્વાધીન સુખકારી તત્ત્વ છે.
સમ્યક્ રૂપ પરિણત દષ્ટિને
દ્રવ્યનું સામર્થ્ય મહા !
ગુણ સાગર ચૈતન્ય આતમા
ચૈતન્ય સૂર્યનો પ્રકાશ જે
તે વાત વાણી, વિસ્તાર કહી.
ભવાંતરોની વાત ત્યાં
પૂર્વભવો - ભાવીભવોતણી
એ વાત તીર્થંકર કહેલ છે.

## (૧૧) નરકલોક
## (બહેનશ્રીનાં જ્ઞાનમાં)

ઉપયોગની એકાગ્રતામાં
અસ્તિ નરક દેખાય છે.
પૃથ્વી બધી નજરે તરે !
ત્યાં ઉપયોગ ચાલ્યો જાય છે.
અશુચિ ભર્યો કાદવ બધે
દુર્ગંધથી ભરેલ છે.
લોહી-માંસ-હાડ પરિણમેલ ભૂમિ
સડેલ દુર્ગંધ-કાદવથી ભરેલ છે.
ત્યાં નારકી વસતા દીસે
જીવન પર્યન્ત છે એ ત્યાં રહે.
અગ્નિતણાં ભડકા બળે
ઉષ્ણતા બહુ દૂરે જાય છે.
ભૂમિ બધી ઉષ્ણ ઘણી
અગ્નિ ભઠ્ઠીઓ જ્યાં બળે.
લોહી સમાન અશુચિ કુંડ બધે
ચમાર ઘર શા દુર્ગંધી દીસે.
સ્થાનો બધા ભાલા સમા
બરછી, ચાકા, તલવાર, સમા.
બરફ શા પહાડો ઠંડા ઘણાં
દુર્ગંધમય દૂર સુધી દીસે.
વિષ્ટા સમાન દુર્ગંધ બધે
પહાડ પણ બરછી સમાન છે.
ભાલા શા શસ્ત્રમાં પરિણમેલ છે.
અશુચિમય કાદવ બધો
સહી ન કોથી શકાય છે.
ઉગ્ર દુર્ગંધો બધે
પ્રતિકૂળતા વ્યાપી રહી.
શસ્ત્રો રૂપે પરિણમેલા હોય
એવા અનેક સ્થાનો નરકમાં
સૌ દુ:ખ અતિશયમાં જીવે.
અરસ-પરસ લડતા રહે.
ના ક્યાંય શાંતિ છે દીસે.
આ અગ્નિ, દુર્ગંધ, શસ્ત્રો ભર્યા
સ્થાનો બધામાં દુ:ખ દેખાય છે.
વિલાપ છે, રુદન બધે.
સુખ ઈચ્છતા પણ દુ:ખ મળે.
આ વાત જોતા-જાણતા
દયા-કરુણા આવી રહેલ છે.
પ્રત્યક્ષ સમ દેખાય છે.
જ્ઞાનની વિર્મળતા મહીં.
દેવ ભવે જોયેલ જે
તે યાદ છે આવી રહી.
પ્રતિકુળતા અતિશય બધે.
નિ:સંશય છે જણાઈ રહ્યાં અહીં.

## (૧૨) સમયરેખા
## (બહેનશ્રીની પ્રત્યક્ષતા)

ચૈત્રવદી આઠમ સોમવારે
સવારના દસ વાગતા
ત્રાણુંમાં યાદની શરૂઆત થઈ.
ગુરુદેવના ઉપદેશનો
અનુપમ લાભ પામીને
અઢાર વરસે સમકિત થયું.
ને ત્રાણુંમાં સ્વાત્મ ધ્યાનમહીં
જાતિસ્મરણનું જ્ઞાન થયું.
પૂર્વ ભવોતણું ને ત્રાણુંમાં જેઠમહીં
કુંદાકુંદાચાર્ય, સીમંધર યાદ થયા.
લોકસ્વરૂપ સમકિત વળી
વિદેહ ક્ષેત્ર ત્યાં પ્રત્યક્ષ થયા.
રાજકુમાર, તીર્થંકર તથા
પરબાર પ્રત્યક્ષ થયા.
ચોરાણુંમાં માગશર, પોષ.
મહા, ચૈતર માસે વધુ યાદ થયું.
બે હજાર ચાર પોષે વળી
દસ, જેઠમાં પ્રત્યક્ષતા થઈ.
તેર, ચૌદ, અઢારમાં
સંવત બે હજારમાં યાદો વધી.
ઓગણીસ, બાવીસ, ત્રેવીસમાં
સત્તાવીસ, ઓગણત્રીસ વળી
સંવત એ બે હજાર તણી
પ્રત્યક્ષતા વધતી ગઈ.
ચોંત્રીસ ભાદરવા સુધી
પ્રત્યક્ષતા ચાલુ રહી.
ચોરાણું માગશર માસ ને
સુદ સાત શુક્રવાર દિને
ગુરુદેવને લેખિતમાં જાણ કરી.
આત્મ સ્થિરતા વૃદ્ધિ થતાં
કુંદકુંદ વિદેહ ગમન વળી
સીમંધર સમવસરણ તણું
ત્યાં દેવરાજ, રાજકુમાર તથા
લોક સ્વરૂપનું વર્ણન કહ્યું.
ગુરુદેવને પ્રશ્નો થયા
નૌવલપુર, ચક્રવર્તીવળી
ચંદભાઈ, રાજકુંવરતણા
ક્ષાયિક ત્રણ પ્રકારો કહ્યાં.
ગુરુદેવ પણ રાજુલ અને
બહેનશ્રીના જાતિ સ્મરણતણી
વાતો બધી કહેતા થયા.

**ભગવતી સ્વરૂપ બહેનશ્રી ચંપાબહેનને લગતી અન્ય રચનાઓ (ભેટ આપવા માટે)**

(૧) ચંપામૃત (બહેનશ્રીનાં વચનામૃતોનું પદ્યરૂપાંતર, ગુજરાતીમાં - ૧૨૦૦ શ્લોક)
(૨) ચંપામૃત (બહેનશ્રીનાં વચનામૃતોનું પદ્યરૂપાંતર, હિન્દીમાં - ૧૨૦૦ શ્લોક)
(૩) માતમહિમા (બહેનશ્રીનાં સ્તવનો, રાસ-ગરબા વગેરે)
(૪) ધન્યાવતાર (નૃત્ય નાટિકા, ૧ કલાક)
(૫) દેવરાજ (એક પાત્રી અભિનય, ૧૦ મિનિટ)
(૬) માત મહિમા (ઓડિયો કેસેટસ તથા, વી.સી.ડી./ડી.વી.ડી.)
(૭) જન્મ વધાઈ (અભિનય નૃત્ય)
(૮) કહાન તત્ત્વસાર (વચનામૃત પદ્યાનુવાદના વર્ગીકૃત સૂત્રો-૨૦)
(૯) જૈન ભજન ભાગ-૧ (માત મહિમાની પદ્ય રચનાઓ)
(૧૦) નવયુગ, નવસર્જન વિશેષાંકો (સમ્યકત્વ જયંતી તથા જન્મજયંતી) સાપ્તાહિકોની સંખ્યા (૫), દરેકમાં ૪ થી ૮ પેઈઝ
(૧૧) ધન્યાવતાર દ્વિશતક (જીવનચરિત્ર-૨૦૦ શ્લોક)



# લેખકનો પરિચય

**નામ :** ધીરજલાલ પુરુષોત્તમ દેસાઈ (ચૈતન્ય પ્રિય)

**કાર્યક્ષેત્ર :** સોનગઢ, ઉગામેડી, ભાવનગર માધ્યમિક શાળાઓ. લોકભારતી સણોસરા - બી. એડ્. કોલેજ, વિજ્ઞાન અધ્યાપક તથા પ્રિન્સીપાલ, ૬ વર્ષ માધ્યમિક શાળા + ૩૧ વર્ષ બી. એડ્. કોલેજ.

**શિક્ષણ કાર્ય :** વિજ્ઞાન-ગણિત, શિક્ષણ પદ્ધતિઓ, મૂલ્યાંકન પ્રવિધિઓ, શૈક્ષણિક સમસ્યાઓ, શૈક્ષણિક પ્રવાહો, શૈક્ષણિક તત્ત્વજ્ઞાન, એજ્યુકેશનલ ટેક્નોલોજી, આંકડાશાસ્ત્ર વગેરે અનેકવિધ વિષયોનું શિક્ષણકાર્ય.

**સેવાકાલિન પ્રશિક્ષણ :** દિલ્હી, મુંબઈ, ઈંદોર, ઉદયપુર, વડોદરા, અમદાવાદ, સુરત, દ્વારકાના રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાના ૪૦ જેટલા સેમિનાર્સ, વર્કશોપ.

**પેપર્સ રજૂઆત :** લો કોસ્ટ ફોટોગ્રાફિક મીડિયા, એજ્યુકેશનલ વેલ્યુઝ, વર્ક સેન્ટર્ડ એજ્યુકેશન, સફળ શિક્ષક, પ્લાનીંગ ઓફ એજ્યુકેશનલ મેથડ્સ વગેરે પેપર્સ સેમિનાર્સમાં રજૂ કરેલ છે.

**શાળા-કોલેજોમાં વ્યાખ્યાનો :** પ્રાથમિક, માધ્યમિક શાળાઓ તથા કોલેજોમાં ફન પ્રોગ્રામ્સ, મનોવૈજ્ઞાનિક પ્રયોગો, મનોવૈજ્ઞાનિક પરીક્ષણ, વિજ્ઞાન, ગણિત, ટેક્નોલોજી, મૂલ્યાંકન, તત્ત્વજ્ઞાન, વસ્તી શિક્ષણને લગતા સેંકડો દાર્શનિક વ્યાખ્યાનો આપેલ છે. સેંકડો ટ્રાન્સપરન્સીનું નિર્માણ કરેલ છે.

**લેખન કાર્ય :** ૧૨૦૦૦ હરિગીતિકા છંદમાં જૈન તત્ત્વજ્ઞાનનાં શ્લોકો, ૧૦૦ ભજનોની રચના કરીને પ્રકાશિત કરેલ છે. કુલ ૫૦૦૦ પેઈઝના ૪૮ પ્રકાશનોની ૫૦૦૦૦ જેટલી નકલો ભેટ આપેલ છે. સેંકડો શૈક્ષણિક વ્યાખ્યાનોનું સાહિત્ય તૈયાર કરેલ છે.

કુલ ૧૨૫ જેટલા હપ્તામાં શિક્ષણશાસ્ત્ર, સંશોધન, મનોવિજ્ઞાનનાં લેખો વર્તમાનપત્રો તથા સામાયિકોમાં પ્રકાશિત થયેલ છે. જેની ૩ પુસ્તિકાનો 'જ્ઞાનતુલા' પ્રકાશનોમાં સમાવેશ થયેલ છે. જેની ટ્રાન્સપરન્સી, પ્રદર્શન વગેરે પણ તૈયાર થયેલ છે. 'શિક્ષક પ્રશિક્ષણમાં પ્રયોગો' નામે નવી લેખમાળા શરૂ થયેલ છે.

**જૈન ભજનોનું ઓડિયો-વિડિયો રેકોર્ડિંગ :** ૬૨ જેટલા સ્વરચિત ભજનોની તથા અન્ય પદ્યરચનાઓની ૩૦ જેટલી ઓડિયો કેસેટ્સ તથા ૭૦ જેટલી વીસીડી, ડીવીડીમાં આલ્બમ તૈયાર થયેલ છે. જેની હજારો નકલો ભેટ આપવામાં આવેલ છે.

**ફન પ્રોગ્રામનું રેકોર્ડિંગ :** સેંકડો ગણિત, મનોવિજ્ઞાન, પેપર, જાદુનાં પ્રયોગોની ડી.વી.ડી., વી.સી.ડી. તૈયાર થયેલ છે. જે ભેટ આપવામાં આવે છે.